# Appendix - VII

ડૉ. બાકર મહેંદી
પ્રોફેસર ઑફ એજ્યુકેશન,
એન. સી. ઈ. આર. ટી.,
નવી દિલ્હી - ૧૧ ૦૦ ૧૬.

---

નામ :- ______________________ જન્મ તારીખ :- ______________

જાતિ :- ______________ઉંમર :- ______________ વર્ગ :- ______________

સંસ્થા / શાળાનું નામ :- ______________________________

પિતાનુ નામ :- ______________________ વ્યવસાય ______________

ઘરનું સરનામું :- ______________________ તારીખ :-______________

---

## -: સામાન્ય સૂચના :-

આ પુસ્તિકામાં કેટલીક રસપ્રદ પ્રવૃત્તિઓ આપેલી છે, જેના ઉકેલ માટે તમારે તમારી વૈચારિકશકિત અને કલ્પનાશકિતનો ઉપયોગ કરવો પડશે. અહીં આપેલી પરિસ્થિતીના સંદર્ભમાં તમે કેટલું ઝડપથી, કાલ્પનિક રીતે અને નવીનતાપૂર્ણ વિચારી શકો છો, તે જોવાનો હેતુ છે. દરેક પ્રવૃત્તિ વિશે કાળજીપૂર્વક વાંચો અને તેનો જવાબ આપવા માટે તમારી સર્વોત્તમ વિચારશકિતનો ઉપયોગ કરો. તમારા જવાબો માતૃભાષામાં લખો. દરેક પ્રવૃત્તિ અંતર્ગત આપેલી જગ્યામાં જવાબો સંક્ષિપ્તમાં અને સ્પષ્ટરીતે આપવાના રહેશે. તમારા દરેક જવાબને ક્રમ નંબર આપો. આપેલી દરેક પ્રવૃત્તિનો સાચો કે ખોટો જવાબ હોતો નથી, તેથી તમારી કલ્પનાશકિતને આધારે શકય તેટલા વધુ જવાબો તમે વિચારી શકો.

પુસ્તિકામાં આપેલી ચાર પ્રવૃત્તિઓને ચોક્કસ સમય ફાળવવામાં આવ્યો છે. આ સમય મર્યાદામાં તમારી ઝડપ અનુસાર દરેક પ્રવૃત્તિના કાર્યો પૂર્ણ કરવાના છે. જયારે તમે એક પ્રવૃત્તિ પૂર્ણ કરી લો, ત્યારે બીજી પ્રવૃત્તિ લો. જરૂરી લાગે ત્યારે અગાઉની પ્રવૃત્તિના જવાબમાં કંઈક ઉમેરો કરી શકાય. પરંતુ યાદ રહે, કે સૂચના મળ્યા વિના અને એક પ્રવૃંત્તિ પૂર્ણ ન થાય તે પહેલાં આગળ કાર્ય કરશો નહિ.

અંતમાં તમને વધારાની પાંચ મિનિટ આપવામાં આવશે, તે દરમિયાન તમે કોઈપણ પ્રવૃત્તિના જવાબમાં જરૂરી ઉમેરો કરી શકશો.

કોઈપણ પ્રવૃત્તિ અધૂરી છોડશો નહી.

**પ્રવૃત્તિ :- ૧ તો શું થાય, જો..........**

**સૂચના :-**

૧. અહીં અને પછીના પાન ઉપર તમને એવી કેટલીક પરિસ્થિતિઓ જણાવવામાં આવી છે, જે તમારી સમક્ષ સર્જાવાની કોઈજ શકયતાઓ નથી. તેમ છતાં, તમારે વિચારવાનું છે કે જો આવી પરિસ્થિતિ તમારી સામે ખરેખર ઊભી થાય તો શું થાય.

૨. તમારા મગજમાં ઉદ્ભવતા શકય તેટલા વધુ વિચારો રજૂ કરો, પરંતુ શકય તેટલા નવીનતમ વિચારો દર્શાવો. એવા વિચારો, કે જે સર્વશ્રેષ્ઠ હોય અને અન્ય કોઈએ કદી વિચાર્યા પણ ન હોય તેવાં વિચારો રજૂ કરો. તમારા જવાબો આપેલી જગ્યામાં લખો.

૩. આ પ્રવૃત્તિ માટે તમને ૧૫ મિનિટ આપવામાં આવશે. દર પાંચ મિનિટ પછી આપને જાણ કરવામાં આવશે, જેથી તમે પ્રવૃત્તિમાંના આગળના કાર્યના જવાબ આપી શકો.

તમારે શું કાર્ય કરવાનું છે તે જાણવા નીચે આપેલા ઉદાહરણનો અભ્યાસ કરો.

ઉદાહરણ:- **જો પક્ષીઓ અને પ્રાણીઓ માનવીની જેમ બોલવા લાગે તો શું થાય ?**

**જવાબ :-** ૧. વિશ્વ એક જુદા જ પ્રકારના સમાજમાં બદલાઈ જાય.

૨. પ્રાણીઓમાંથી નવા નેતાઓ તૈયાર થશે.

૩. શકય છે, કે એક ગધેડો આપણો નેતા બને.

૪. શકય છે, કે તે આપણાં વડાપ્રધાન બને.

૫. માનવ કદાચ તેના પ્રાણી મિત્રોને પોતાની ખાનગી વાતો જણાવે, વગેરે

---

**૧. જો માનવી પક્ષીઓની માફક ઉડવા લાગે તો શું થાય ?**

૨. જો તમારી શાળા પૈડાંની મદદ થી હરીફરી શકે તેમ હોય, તો શું થાય ?

---

૩. જો માનવીને કોઈપણ ખોરાક લેવાની જરૂર જ ના પડે, તો શું થાય ?

## પ્રવૃત્તિ :- ૨ વસ્તુઓના અવનવા ઉપયોગો

**સૂચના :-**

૧. અહીં અને બીજા પાન પર તમને ચોક્કસ વસ્તુઓના નામ આપવામાં આવ્યાં છે. જેનો ઘણી જુદી જુદી રીતે ઉપયોગ કરી શકાય.

૨. શકય હોય તેટલાં વધારે ઉપયોગો લખો, પરંતુ એવાં ઉપયોગો વિચારો જે નવીન હોય. અર્થાત્ એવા કે જે અન્ય કોઈ વિચારી જ ના શકે તેવું તમને લાગતું હોય.

૩. આ પ્રવૃત્તિ માટે તમને ૧૨ મિનિટ આપવામાં આવશે. દર ચાર મિનિટ પછી આપને જાણ કરવામાં આવશે, જેથી તમે પ્રવૃત્તિમાંનું આગળનું કાર્ય કરી શકો.

નીચે આપેલા ઉદાહરણ પરથી તમારે શું કરવાનું છે તે અંગેનો ખ્યાલ આવશે.

**ઉદાહરણ :- દૈનિક સમાચારપત્ર**

**ઉપયોગો:-** (૧) સમાચાર વાંચવા માટે
(૨) કાગળના રમકડાં બનાવવા માટે
(૩) સૂર્યપ્રકાશ સામે રક્ષણ મેળવવા માટે
(૪) કોઈ વસ્તુઓ ફરતે વીંટવા માટે
(૫) ગંદી જગ્યા ઢાંકવા માટે

---

**૧. પત્થરનો નાનો ટૂકડો.**

૨. લાકડાની સળી

---

૩. પાણી

## પ્રવૃત્તિ :- ૩ સમાનતા

**સૂચના :-**

૧. અહીં અને બીજા પાન ઉપર શબ્દોની જોડી આપવામાં આવી છે. જે ઘણી જુદી જુદી રીતે એકબીજા સાથે સંબંધિત છે. તમારે વિચારવાનું છે કે કેટલી જુદી જુદી તથા નવી રીતે તેઓ સંબંધિત છે.

૨. શક્ય હોય તેટલા સંબંધો લખો, પરંતુ નવીનતાપૂર્ણ સંબંધો વિચારીને લખવાનો પ્રયત્ન કરો. અન્ય કોઈએ વિચાર્યા ન હોય તેવું તમને લાગે તેવા વિચારો દર્શાવો.

૩. આ પ્રવૃત્તિ માટે તમને ૧૫ મિનિટ આપવામાં આવશે. દર પાંચ મિનિટ પછી તમને જાણ કરવામાં આવશે, જેથી તમે પ્રવૃત્તિમાંના આગળના કાર્યના જવાબ આપી શકો.

નીચે આપેલા ઉદાહરણ પરથી આપને શું કરવાનું છે તે અંગેનો ખ્યાલ આવશે.

**ઉદાહરણઃ- માણસ અને પ્રાણી**

**સમાનતા :-**(૧) બંનેને જીવન હોય છે.

(૨) બંનેને ખોરાક અને પાણીની જરૂર પડે છે.

(૩) બંને માંદા પડે છે.

(૪) બંને દુશ્મનથી ગભરાય છે.

(૫) બંને ગરમી અને ઠંડીની લાગણી અનુભવી શકે છે, વગેરે....

---

**૧. વૃક્ષ અને ઘર**

૨. ખુરશી અને સીડી

---

૩. હવા અને પાણી

## પ્રવૃત્તિ :- ૪ વસ્તુઓને વધારે રસપ્રદ અને ઉપયોગી બનાવવી

**સૂચના :-**

ઘોડાનું એક સાદુ મૉડલ (નમૂનો) વિચારો. આ એક સાદા નમૂનાને બાળકને રમવા યોગ્ય, રસપ્રદ અને નવીનતમ બનાવવા તમે તેમાં શું ફેરફાર કરી શકો, તે અંગે કાલ્પનિક રીતે તમારે વિચારવાનું છે. બાળક માટે તેને આકર્ષક અને રસપ્રદ બનાવવા તેમાં ગમે તેટલા નવા ભાગો ઉમેરવા અંગે તમે વિચારી શકો. આ નવા ભાગોની કિંમત વિશે ચિંતા કરશો નહી. માત્ર આ રમકડાનું મૉડલ (નમૂનો) બાળક માટે રસપ્રદ અને આકર્ષક બનાવવા અંગે જ વિચાર કરો.

નીચે આપેલી જગ્યામાં તમારા મગજમાં આવતા બધાંજ વિચારોને ક્રમબદ્ધરીતે લખો. આ કાર્ય માટે તમને ૬ મિનિટ આપવામાં આવશે.

# Appendix - VII

ડૉ. બાકર મહેંદી
પ્રોફેસર ઑફ એજ્યુકેશન,
એન. સી. ઈ. આર. ટી.,
નવી દિલ્હી - ૧૧ ૦૦ ૧૬

---

નામ :- ______________________ જન્મ તારીખ :- ______________

જાતિ :- ____________ ઉંમર :- ____________ વર્ગ :- ____________

સંસ્થા / શાળાનું નામ :- ______________________________

પિતાનુ નામ :- ______________________ વ્યવસાય:- ______________

રાજ્ય :-____________ શહેર :- ____________ તારીખ :-____________

---

## -: સૂચના :-

માનવીના જીવનમાં સર્જનાત્મક ચિંતને ખૂબ મહત્વનો ભાગ ભજવ્યો છે. લોકોએ તેમની વૈચારિકશકિત અને કલ્પનાશકિતના આધારે ઘણી મહાન ચીજ વસ્તુઓ પ્રાપ્ત કરી છે. આ પુસ્તિકામાં કેટલીક રસપ્રદ આકૃતિઓ આપેલી છે. જેની સાથે કાર્ય કરતી વેળાએ તમારે તમારી કલ્પનાશક્તિનો ઉપયોગ કરવો પડશે. અહીં આપેલી આકૃતિઓમાંથી તમે કલ્પનાશકિતના ઉપયોગ વડે કેટલું ઝડપથી કોઈ રસપ્રદ ચિત્ર બનાવી શકો છો, તે જોવાનો હેતુ છે. આપેલી આકૃતિને આધાર તરીકે લઈને કોઇ નવીનતમ અને રસપ્રદ ચિત્ર દોરો. આ ચિત્રો દોરવા માટે તમારી ઉત્કૃષ્ટ વિચારશકિતનો ઉપયોગ કરો. તમારી કલ્પનાશકિતથી દોરેલા ચિત્રની યોગ્ય સમજ આપવા અનુરૂપ શિર્ષક ચિત્રની નીચે દર્શાવો.

આ પુસ્તિકામાંના કાર્યોનું ત્રણ પ્રવૃત્તિઓમાં વિભાજન કરેલુ છે. દરેક પ્રવૃત્તિને ચોક્કસ સમય ફાળવેલો છે. આ સમય મર્યાદામાં તમારી ઝડપ મુજબ દરેક પ્રવૃત્તિ અંતર્ગત વિવિધ ચિત્રો દોરો. જ્યારે તમે એક ચિત્ર પૂર્ણ કરી લો, ત્યારબાદ તે પ્રવૃત્તિ અંતર્ગત બીજું ચિત્ર દોરો. જરૂરી લાગે તો અગાઉ દોરેલા ચિત્રમાં સુધારો - વધારો કરી શકાશે. પરંતુ એક પ્રવૃત્તિનો સમય પૂરો થતાં પહેલાં અને સૂચના મળ્યા વિના બીજી પ્રવૃત્તિ શરૂ કરી શકાશે નહી, તેની કાળજી રાખવી.

અંતમાં કોઈ પણ પ્રવૃત્તિમાં તમે દોરેલા ચિત્રમાં કોઈ નવા વિચારો કે વધારાનું કાર્ય ઉમેરવા વધારાની પાંચ મિનિટ આપવામાં આવશે.

મહેરબાની કરીને કોઈપણ કાર્યને છોડી દેશો નહી, અને કહેવામાં આવે ત્યારે જ કાર્ય કરવાની શરૂઆત કરો.

## પ્રવૃત્તિ :- ૧ ચિત્ર રચના


**સૂચના :-** આગળના પાના ઉપર તમને બે સાદી આકૃતિઓ આપવામાં આવેલી છે. તેમનો આધાર, અથવા એક ભાગ તરીકે ઉપયોગ કરીને, તમારી દૃષ્ટિએ નવીનતમ અને રસપ્રદલાગે તેવાં ચિત્રો દોરો. આકૃતિવાળું પાનું ગમે તે દિશામાં ફેરવીને તમે ચિત્ર દોરી શકશો. અન્ય કોઈપણ વિચારી ના શકે તેવું નવીનતાવાળું ચિત્ર બનાવવાનો પ્રયત્ન કરો. ચિત્રને રસપ્રદ અને નવીનતમ બનાવવા માટે શકય તેટલા નવા વિચારો તેમાં ઉમેરો.

ચિત્ર દોરી લીધા પછી, નીચે આપેલી ખાલીજગ્યામાં ચિત્રનું યોગ્ય શિર્ષક આપો. અસામાન્ય અને રસપ્રદ હોય તેવું શિર્ષક આપવાનો પ્રયત્ન કરો, કે જે તમે કેટલું કાલ્પનિક રીતે વિચારી શકો છો તે દર્શાવે.


ચિત્રની સુંદરતા અને સચોટતા તરફ વધુ ધ્યાન આપવા કરતાં, ચિત્ર રસપ્રદ અને નવનતાવાળું બને તેને વધુ મહત્વ આપો. આથી જ એકબીજામાંથી નકલ કરવાનું વ્યર્થ છે.

આ પ્રવૃત્તિને પૂર્ણ કરવા માટે તમને ૧૦ મિનિટ આપવામાં આવી છે. પાંચ મિનિટ પછી તમને સૂચિત કરવામાં આવશે, જેથી તમે બીજી પેટાપ્રવૃત્તિનું કાર્ય કરી શકો.


ઉદાહરણઃ-



તમે જોશો કે ડાબી બાજુએ આપેલી આકૃતિનો નીચે દર્શાવેલા બંને ચિત્રો માં એક આધાર/ભાગ તરીકે ઉપયોગ થયો છે. પહેલા ચિત્રમાં તેનો ટોપી તરીકે ઉપયોગ થયો છે, અને બીજા ચિત્રમાં વૃક્ષમાંની બખોલ તરીકે ઉપયોગ થયો છે. આ મુજબ તમારે માત્ર એક ચિત્ર બનાવવાનું છે.




શિર્ષક :- ડુક્કર ચરાવતો એક માણસ



(તમે જોઈ શકશો કે અહીં ચિત્ર દોરવા માટે પાનને અન્ય દિશામાં ફેરવવામાં આવ્યું છે.)


શિર્ષક :- વૃક્ષની બખોલમાં પક્ષીનો માળો.

(૧)



શિર્ષક ______________________________

(૨)



શિર્ષક ______________________________

## પ્રવૃત્તિ :- ૨ ચિત્ર પરિપૂર્તિ


**સૂચના :-** અહીં તમને દસ અપૂર્ણ આકૃતિઓ આપવામાં આવેલી છે. જેમને તમારે તમારી ઈચ્છા અનુસાર પૂર્ણ કરવાની છે.શકય હોય ત્યાં સુધી ચિત્રને રસપ્રદ અને અસામાન્ય બનાવવાનો પ્રયત્ન કરો. અન્ય કોઈ વિચારી ન શકે તેવું નવીનતમ ચિત્ર બનાવવાનો પ્રયત્ન કરો.

ચિત્રોને નવીનતમ અને રસપ્રદ બનાવવા તેમાં નવા નવા વિચારો ઉમેરવાનો પ્રયત્ન કરો.

ચિત્રને પૂર્ણ કર્યા પછી નીચે આપેલી જગ્યામાં યોગ્ય શિર્ષક લખો. શિર્ષક અસામાન્ય અને રસપ્રદ હોય તેવું આપવાનો પ્રયત્ન કરો, કે જે તમે કેટલું કાલ્પનિક રીતે વિચારી શકો છો તે દર્શાવે.


આ પ્રવૃત્તિને પૂર્ણ કરવા તમને ૧૫ મિનિટ આપવામાં આવી છે.

ઉદાહરણ :-




શિર્ષક :- ભારતની સ્વાતંત્ર્ય ચળવળના ધ્વજ

અથવા




શિર્ષક :- આકાશમાં ઉડતી પતંગ

અથવા



શિર્ષક :- પાંદડા જે વૃક્ષ પર સુંદર દેખાય છે.

(૧)



**શિર્ષક** ______________________

(૨)



**શિર્ષક** ______________________

(૩)




શિર્ષક ____________________

(૪)




શિર્ષક ____________________

(૫)



શિર્ષક ____________________

(૬)




શિર્ષક ____________________

(૭)



શીર્ષક ______________________

(૮)



શીર્ષક ______________________

(૯)



શીર્ષક ______________________

(૧૦)



શીર્ષક ______________________

## પ્રવૃત્તિ :- ૩ ત્રિકોણો અને લંબગોળ


**સૂચના :-** અહીં અને પછીના પાન ઉપર તમને બે પ્રકારના ભૌમિતિક આકારો દર્શાવતી આકૃતિઓ અનુક્રમે ત્રિકોણ અને લંબગોળ આપવામાં આવી છે. જેનો મુખ્યભાગ/આધાર તરીકે ઉપયોગ કરીને તમે ઘણી બધી ચીજ - વસ્તુઓ કે તેનાં ચિત્રો વિચારી શકશો.

તમારે દરેક ચિત્રને શકય હોય ત્યાં સુધી અસામાન્ય અને રસપ્રદ બનાવવાનું છે. દરેક ચિત્ર એકબીજાથી અલગ અને એક પૂર્ણ વિચાર રજૂ કરતું હોવું જોઈએ. અન્ય કોઈ વિચારી શકે નહી તેવી ચીજ-વસ્તુઓ વિચારવાનો પ્રયત્ન કરો. દરેક ચિત્ર પૂર્ણ કરીને તેની નીચે શિર્ષક આપો. શિર્ષક અસામાન્ય અને રસપ્રદ હોય તેવું આપવાનો પ્રયત્ન કરો, કે જે તમે કેટલું કાલ્પનિક રીતે વિચારી શકો છો તે દર્શાવે.

એવું જરૂરી નથી, કે પ્રથમ બધાજ ત્રિકોણવાળી આકૃતિઓમાં કાર્ય કરવું. જયારે તમને કોઈ નવો વિચાર ના આવતો હોય, ત્યારે તરતજ લંબગોળ આકૃતિ માટે કાર્ય શરૂ કરો. શકય હોય તેટલાં રસપ્રદ અને નવીનતમ ચિત્રો દોરવાનો પ્રયત્ન કરો.


આ પ્રવૃત્તિ પૂર્ણ કરવા તમને ૧૦ મિનિટ આપવામાં આવી છે.

(૧)




શિર્ષક ______________________

(૨)




શિર્ષક ______________________

(૩)




શિર્ષક ____________________

(૪)




શિર્ષક ____________________

(૫)




શિર્ષક ____________________

(૬)




શિર્ષક ____________________

(૭)




શીર્ષક ______________________

(૮)




શીર્ષક ______________________

(૯)




શીર્ષક ______________________

(૧૦)




શીર્ષક ______________________

(૧૧)




શિર્ષક ________________________

(૧૨)




શિર્ષક________________________

(૧૩)



શિર્ષક ________________________

(૧૪)



શિર્ષક________________________